પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૩૦ | અંક : ૦૨ | કુલ પાના : ૪ | તારીખ : ૨૨-૦૮-૨૦૨૬ શનિવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જેપીએસસી પરીક્ષા વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો: રદ કરવા, ફરીથી પરીક્ષા અને સીબીઆઈ તપાસની માંગ, સોમવારે સુનાવણી

નવીદિલ્હી

ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા-૨૦૨૫ માં કથિત ગેરરીતિઓની સીબીઆઈ અથવા સ્વતંત્ર તપાસની માંગ કરવાનો મામલો હવે દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટ સોમવાર, ૨૪ ઓગસ્ટના રોજ સંબંધિત જાહેર હિતની અરજી પર સુનાવણી કરશે.

સામાજિક કાર્યકર્તા હરિસરન દેવગણ દ્વારા એડવોકેટ સત્યમ સિંહ રાજપૂત દ્વારા દાખલ કરાયેલી અરજીમાં પરીક્ષા રદ કરવાની અને નવી પરીક્ષા યોજવાની માંગ કરવામાં આવી છે, જેમાં પરીક્ષાના સંચાલન અને મૂલ્યાંકનમાં ગંભીર ગેરરીતિઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. અરજીમાં ૧૯ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ યોજાયેલી ૧૪મી જેપીએસસી સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષામાં ગેરરીતિઓની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા સ્વતંત્ર, નિષ્પક્ષ, વ્યાપક અને સમયસર તપાસની માંગ કરવામાં આવી છે.

૨ જુલાઈના રોજ પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી ઉભા થયેલા વિવાદને પગલે આ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી અનુસાર, એક સફળ ઉમેદવારની ઓએમઆર ઉત્તરપત્રની કાર્બન કોપી વાયરલ થઈ હતી, જેના કારણે મૂલ્યાંકન પ્રક્રિયા અંગે આક્ષેપો થયા હતા. આ ગેરરીતિઓથી રાંચીમાં વ્યાપક વિરોધ થયો હતો. અરજદારનો દાવો છે કે ઉમેદવારે પહેલા પેપરમાં ૧૦૦ માંથી માત્ર ૪૮ પ્રશ્નોના જવાબ આપ્યા હોવા છતાં તેને સફળ જાહેર કરવામાં આવ્યો હતો.

આ અરજીમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અથવા ઝારખંડની બહારના હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ/ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ એક સ્વતંત્ર સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં જણાવાયું છે કે પ્રસ્તાવિત સમિતિમાં ફોરેન્સિક વિજ્ઞાન, માહિતી ટેકનોલોજી, પરીક્ષા સુરક્ષા, ઓએમઆર મૂલ્યાંકન, સાયબર સુરક્ષા અને જાહેર વહીવટના નિષ્ણાતોનો સમાવેશ થવો જોઈએ. અરજદાર ઓએમઆર સ્કેનિંગ, કોડિંગ, મૂલ્યાંકન અને પરિણામ-નિર્માણ પ્રણાલીઓના સ્વતંત્ર ઓડિટની પણ માંગ કરે છે.

આ અરજીમાં જેપીએસસી, સરકારી અધિકારીઓ અને પ્રક્રિયામાં સામેલ તમામ એજન્સીઓ, કોન્ટ્રાક્ટરો, સેવા પ્રદાતાઓ અને પરીક્ષા કેન્દ્રના કર્મચારીઓને તમામ ભૌતિક અને ઈલેક્ટ્રોનિક પરીક્ષા દસ્તાવેજો સાચવવા માટે સૂચનાઓ આપવાની પણ માંગ કરવામાં આવી છે. અરજી અનુસાર, આ રેકોર્ડ્સમાં મૂળ ઓએમઆર શીટ્સ, ઉમેદવારોની કાર્બન કોપી, પ્રશ્નપત્રો, જવાબ ચાવીઓ, હાજરી શીટ્સ, બાયોમેટ્રિક રેકોર્ડ્સ, સીસીટીવી ફૂટેજ, ડિસ્પેચ રજિસ્ટર, પરીક્ષા કેન્દ્ર રિપોર્ટ્સ, સ્કેનિંગ રેકોર્ડ્સ, મૂલ્યાંકન ડેટા અને પરિણામ-નિર્માણ ડેટા તેમજ અન્ય સંબંધિત દસ્તાવેજો શામેલ હોવા જોઈએ.

## પાંચ કલાક પછી, દિલ્હી પોલીસે રાહુલ ગાંધીની માંગણી સ્વીકારી, પેલેટ ગન કેસમાં અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરી.

દરમિયાન વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાં પેલેટ ગનનો કથિત ઉપયોગનો કેસ હવે એક નવા વળાંક પર પહોંચ્યો છે. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી શુક્રવારે ઘાયલ વિદ્યાર્થી સાહિલ લોચાવ સાથે પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે આ મામલે એફઆઈઆર નોંધવાની માંગ કરી હતી. ત્યારબાદ રાહુલ ગાંધી ધરણા પર બેઠા હતા. પાંચ કલાક પછી,રાહુલની માંગણીઓ પૂર્ણ થઈ ગઈ છે અને સાહિલ લોચાવની ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવા માટે કરાર થયો છે. અહેવાલો અનુસાર, અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ દાખલ કરવામાં આવી રહ્યો છે.

આખો મામલો ૨૦ જુલાઈના વિદ્યાર્થી વિરોધ સાથે સંબંધિત છે. તે દિવસે દિલ્હીના જંતર મંતરથી સંસદ તરફ કૂચ કાઢવામાં આવી હતી. આ વિરોધ નીટ પેપર લીક અને શિક્ષણ પ્રણાલીને લગતા પ્રશ્નોને લઈને શરૂ થયો હતો. આ વિરોધનું નેતૃત્વ સીજેપી દ્વારા કરવામાં આવ્યું હતું. વિરોધ દરમિયાન પોલીસ અને વિરોધીઓ વચ્ચે તણાવ વધી ગયો હતો, જેના કારણે કાર્યવાહી થઈ હતી. આ કાર્યવાહી દરમિયાન પેલેટ ગનનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

રાહુલ ગાંધી અને કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે વધુ પડતો બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ બાદમાં ઘાયલ વિદ્યાર્થી સાહિલ લોચાવને આગળ લાવીને આ મુદ્દો ઉઠાવ્યો. સાહિલે આરોપ લગાવ્યો કે પોલીસ કાર્યવાહી દરમિયાન તેને પેલેટથી ઈજા થઈ હતી.

સાહિલ લોચાવની ઈજાએ સમગ્ર વિવાદને નવો રાજકીય વળાંક આપ્યો. રાહુલ ગાંધીએ વારંવાર પ્રશ્ન કર્યો કે વિદ્યાર્થીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ કરવાનો આદેશ કોણે આપ્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સાહિલને મોટી સંખ્યામાં પેલેટ વાગ્યો હતો અને તેની દૃષ્ટિ પર અસર થઈ હતી. સાહિલને સારવાર અને સર્જરી કરાવવી પડી હતી. આ દાવાઓ બાદ, કોંગ્રેસ પાર્ટીએ આ મામલે જવાબદારી અને કાર્યવાહીની માંગણી વધુ તીવ્ર બનાવી. રાહુલ ગાંધીએ દલીલ કરી હતી કે જો કોઈ વિદ્યાર્થીને પોલીસ કાર્યવાહીમાં આટલી ગંભીર ઈજા થઈ હોય, તો તેની ફરિયાદના આધારે એફઆઈઆર દાખલ કરવી જોઈએ અને જવાબદારી સ્થાપિત કરવી જોઈએ. કોંગ્રેસના જણાવ્યા મુજબ, સાહિલ લોચાવે તેમના વકીલો સાથે ૧૪ ઓગસ્ટે દિલ્હી પોલીસને લેખિત ફરિયાદ સુપરત કરી હતી. પક્ષે આરોપ લગાવ્યો હતો કે ફરિયાદ માટે તપાસ અધિકારીનો નંબર કે કોઈ ઔપચારિક સ્વીકૃતિ મળી ન હતી. કોંગ્રેસે એમ પણ કહ્યું હતું કે ૧૭ ઓગસ્ટે ઈમેઈલ અને ફોન દ્વારા તેમનો ફરીથી સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેમ છતાં આ મામલે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી.

## આગામી ૨૩ ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે પોલીસ વિભાગની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું



અમદાવાદ

ગુજરાત પોલીસમાં વિવિધ ટેકનિકલ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી ૨૩ ઓગસ્ટના રોજ અમદાવાદમાં મહત્વની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, મોટર ટ્રાન્સપોર્ટ અને હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧)ની કુલ ૯૫૦ જગ્યાઓ માટે યોજાનારી આ પરીક્ષા વ્યવસ્થાપન માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૫ હજાર ઉમેદવારો પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી ચૂક્યા છેપોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, મોટર ટ્રાન્સપોર્ટ અને હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧) ની કુલ ૯૫૦ જગ્યાઓ માટે આ ભરતી પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટે ઉત્સાહિત ઉમેદવારોમાં ભારે તૈયારીઓ જોવા મળી રહી છે. ત્રણેય પરીક્ષા માટે મળીને અત્યાર સુધીમાં આશરે ૨૫ હજાર ઉમેદવારો દ્વારા કોલલેટર ડાઉનલોડ કરી લેવામાં આવ્યા છે.ઉમેદવારોની સુવિધા માટે પરીક્ષાનો સમય બે અલગ-અલગ સત્રમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં સવારનું સત્ર (સવારે ૯.૩૦ થી ૧૨.૩૦): પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ અને ટેકનિકલ ઓપરેટર) તેમજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) ની પરીક્ષા યોજાશે. બપોરનું સત્ર (બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦): હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧) ની પરીક્ષા લેવાશે.પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે ભરતી બોર્ડ દ્વારા વિશેષ પગલાં લેવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન ફેશિયલ રેકગ્નિશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત, પરીક્ષા સામગ્રીની હેરાફેરી માટેના તમામ વાહનોનું જીપીએસ મારફતે સતત ટ્રેકિંગ કરવામાં આવશે.પરીક્ષા સંપૂર્ણપણે પારદર્શક અને ન્યાયી માહોલમાં પુરી થાય તે માટે વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષા માટે મલ્ટિપલ સિક્યુરિટી લેયર્સ ઊભા કરવામાં આવ્યા છે. સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે ૧૧૦૦થી વધુ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ અને આશરે ૧૫૦૦ શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ફરજ પર હાજર રહેશે.નોંધનીય છે કે, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા હજી સુધી કોલલેટર ડાઉનલોડ ન કરનાર બાકી રહેલા ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા અને પરીક્ષા કેન્દ્ર પર નિયત સમયે પહોંચવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

## ગુજરાતમાં ફરી સક્રિય થઈ ત્રણ હવામાન સિસ્ટમ, અમદાવાદમાં શનિ-રવિ મેઘમહેરની આશા



અમદાવાદ

ગુજરાતમાં વરસાદનો માહોલ થોડા દિવસ માટે નબળો પડ્યા બાદ હવે ફરી ત્રણ હવામાન સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં વરસાદી ગતિવિધિઓ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જ્યારે ૨૭થી ૩૦ ઓગસ્ટ દરમિયાન વરસાદની તીવ્રતા ફરી વધી શકે છે.

જોકે આગામી દિવસોમાં વરસાદી માહોલ ફરી સક્રિય થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ લો પ્રેશર, મોન્સૂન ટ્રફ અને સાઈક્લોનિક સર્ક્યુલેશન સહિતની સિસ્ટમની અસરથી ૨૭ ઓગસ્ટ સુધી ગુજરાતમાં છુટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદનાં ઝાપટાં પડી શકે છે. જોકે હાલ ભારે વરસાદની કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છુટાછવાયા વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. આગામી દિવસોમાં પણ શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવાથી મધ્યમ વરસાદનાં ઝાપટાંનો માહોલ યથાવત્ રહી શકે છે. ૨૨થી ૨૬ ઓગસ્ટ દરમિયાન અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં છુટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન રાજ્ય માટે ભારે વરસાદની કોઈ ચેતવણી નથી.

નેશનલ સેન્ટર ફોર મીડિયમ રેન્જ વેધર ફોરકાસ્ટિંગના વિવિધ મોડલ્સ મુજબ ૨૭થી ૩૦ ઓગસ્ટ દરમિયાન અમદાવાદ, વડોદરા અને આણંદ સહિત મધ્ય ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં છુટાછવાયાં સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં પવન સાથે ભારે વરસાદનાં ઝાપટાં પણ પડી શકે છે.

## સુરતના ભેસ્તાન ગોલ્ડન આવાસ પાસે ૩૦ વર્ષીય યુવકની હત્યા, અજાણ્યા હુમલાખોરો ફરાર

સુરત

શહેરના ભેસ્તાન વિસ્તારમાં ગોલ્ડન આવાસ નજીક ૩૦ વર્ષીય યુવકની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી છે. રાત્રે અજાણ્યા ઈસમો સાથે થયેલી માથાકૂટ બાદ યુવક પર ઘાતક હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મળતી માહિતી મુજબ, સલમાન રુસ્તમ સૈયદ નામનો ૩૦ વર્ષીય યુવક રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે ભેસ્તાન ગોલ્ડન આવાસ નજીક ગયો હતો. આ દરમિયાન કોઈ કારણસર અજાણ્યા ઈસમો સાથે તેની માથાકૂટ થઈ હતી. ત્યારબાદ મામલો ઉગ્ર બનતાં મારામારી શરૂ થઈ હતી.

મારામારી દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ સલમાન પર માથા તેમજ શરીરના અન્ય ભાગે ઘાતક હથિયારોથી હુમલો કર્યો હતો. હુમલામાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત સલમાનને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જોકે, તેની હાલત ગંભીર હોવાથી ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ નવી સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં હત્યાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. હુમલાખોરોની ઓળખ અને હત્યાનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત પોલીસમાં એકસાથે ૪૧૪ કર્મચારીઓની આંતરજિલ્લા બદલી

અમદાવાદ

ગુજરાત પોલીસ વિભાગમાં લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા કર્મચારીઓ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.ડીજીપી અને મુખ્ય પોલીસ અધિકારીની મંજૂરી બાદ વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કુલ ૪૧૪ પોલીસ કર્મચારીઓની આંતરજિલ્લા બદલીના આદેશો જાહેર કરાયા છે.જાહેર કરાયેલી બદલી યાદી મુજબ, પોલીસ વિભાગના જુદા જુદા કેડરના કર્મચારીઓનો આમાં સમાવેશ થાય છે. જેમાં અનાર્મ્ડ કોન્સ્ટેબલ અને લોકરક્ષક કક્ષાના ૨૨૬, આર્મ્ડ કોન્સ્ટેબલ અને લોકરક્ષક કક્ષાના ૧૨૯ તેમજ અનાર્મ્ડ અને આર્મ્ડ હેડ કોન્સ્ટેબલ કક્ષાના ૫૯ કર્મચારીઓની નવી જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે.અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરો ઉપરાંત બનાસકાંઠા, પંચમહાલ, જૂનાગઢ અને વલસાડ સહિતના જિલ્લાઓમાં ગ્રામ્યથી શહેર અને શહેરમાંથી જિલ્લા કક્ષાએ વ્યાપક ફેરબદલ કરવામાં આવ્યા છે. આ નિર્ણયમાં ખાસ કરીને પતિ-પત્ની બંને સરકારી સેવામાં હોય અને કૌટુંબિક પરિસ્થિતિને લીધે રજૂઆતો કરી હોય તેવા કિસ્સાઓને અગ્રતા આપીને કર્મચારીઓને મોટી રાહત આપવામાં આવી છે.પોલીસ વડા દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે બદલી પામેલા તમામ કર્મચારીઓએ નિયત સમયમર્યાદામાં પોતાની નવી ફરજ પર હાજર થવાનું રહેશે. આ ઉપરાંત, નવી જગ્યાએ ચાર્જ સંભાળ્યા બાદ તાત્કાલિક ધોરણે જૂની જગ્યાએ પરત બદલી માટેની કોઈ અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

જો કોઈ કર્મચારી સામે વિભાગીય તપાસ કે ગંભીર ગુનાની તપાસ ચાલુ હશે, તો તેમણે આદેશમાં દર્શાવેલી વિશેષ શરતો અને નિયમો અનુસાર જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

## સાગરમાં એક ઓટો ડ્રાઈવરના ઘરમાંથી ચલણી નોટોનો પહાડ મળી આવ્યો. પોલીસ રોકડ ગણતા ગણતા થાકી ગઈ

ભોપાલ

સાગરના ગોપાલગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ઓટો ડ્રાઈવરના ઘરમાંથી ત્રણ કરોડ રૂપિયાથી વધુની રોકડ મળી આવ્યાની તપાસ હવે લોકાયુક્તે પોતાના હાથમાં લીધી છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પાંચ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી છે, જે કેસના દરેક પાસાની તપાસ કરી રહી છે. લોકાયુક્ત એસપી દુર્ગેશ રાઠોડે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જેનું નામ સામે આવ્યું છે તે પીડબ્લ્યુડી એન્જિનિયર રમેશ આહિરવારની મિલકત અને અન્ય પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. લોકાયુક્ત ટીમ ટૂંક સમયમાં પોલીસ દ્વારા જપ્ત કરાયેલા કરોડો રૂપિયાની રોકડ પણ કબજે કરશે.

નોંધનીય છે કે ૧૬ ઓગસ્ટના રોજ ગોપાલગંજ પોલીસે ઓટો ડ્રાઈવર સૌરભ આહિરવારના ઘરે દરોડો પાડ્યો હતો અને ૩.૨ કરોડથી વધુ રોકડ જપ્ત કરી હતી. આટલી મોટી રકમ મળી આવ્યા બાદથી તપાસ પર ઘણા પ્રશ્નો ઉભા થયા છે. તપાસ એજન્સીઓ દ્વારા કાર્યવાહીમાં વિલંબ પણ થયો છે. હવે, લોકાયુક્તની તપાસ ચાલી રહી હોવાથી, કેસમાં નવા ખુલાસા થવાની શક્યતા વધી ગઈ છે. તપાસ ટીમ રોકડના સ્ત્રોત, ભંડોળના વાસ્તવિક માલિક અને સંડોવાયેલા અન્ય વ્યક્તિઓની ભૂમિકાની તપાસ કરી રહી છે. આગામી દિવસોમાં આ કેસમાં ઘણા મોટા ખુલાસા બહાર આવવાની અપેક્ષા છે.

## ગુજરાત સરકાર દારૂબંધી હટાવવાની કોઈ વિચારણા કરી રહ્યું નથી,સરકારના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીના દાવા વચ્ચે ફરી એકવાર ઝેરી દારૂએ ૮ પરિવારોના ઘરમાં માતમ પાથરી દીધો છે. ભાવનગરના ઘોઘા તાલુકાના ખરકડી ગામમાં સર્જાયેલા ઝેરી લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક હવે ૮ પર પહોંચી ગયો છે, જ્યારે ૩૯થી વધુ લોકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તપાસમાં નકલી દારૂનો કારોબાર, દિલ્હીથી આવતું કેમિકલ, અમદાવાદ કનેક્શન અને મધ્યપ્રદેશ સુધી ફેલાયેલું નેટવર્ક સામે આવ્યું છે.

મોતની મહેફિલ... અને એક પછી એક બુઝાતા જીવ.. ભાવનગરના ખરકડી ગામમાં ચાર દિવસ પહેલાં મિત્રો ભેગા થયા. દારૂની મહેફિલ જામી. પરંતુ કોઈને ખબર નહોતી કે ગ્લાસમાં દારૂ નહીં, મોત પીરસાઈ રહ્યું છે. થોડા જ કલાકોમાં આંખે અંધારા આવવા લાગ્યા. ચક્કર, બેભાન થવાની ફરિયાદો શરૂ થઈ અને પછી એક પછી એક સાત લોકોના મોત થયા. હજુ પણ ૩૯ જેટલા લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ગુજરાતમાં ક્યાં દારૂ મળતો નથી એ સૌથી મોટો સવાલ છે. રાજ્યમાં નકલી દારૂની જેમ દારૂબંધી પણ નકલી છે. ગુજરાતમાં ઘણા સમયથી દારૂબંધી હટાવવા માટે અનેક ચર્ચાઓ ચાલી છે. ગુજરાત સરકારી ગીફ્ટ સીટીમાં અનેક નિયમો હેઠળ દારૂને છૂટછાટ આપી છે પણ ગુજરાત ભરમાં દારૂબંધી હટાવવા માટે સરકાર આજે પણ નનૈયો ભણી રહી છે.

ગુજરાતમાં દારૂબંધી હટાવવી જોઈએ એવા સોશિયલ મીડિયામાં ચાલેલા ટ્રેન્ડ વચ્ચે આજે ગુજરાત સરકારના પ્રવક્તા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ખુલાસો કર્યો છે કે ગુજરાતમાંથી દારૂબંધી ક્યારેય હટશે નહીં. ગુજરાતમાં દારૂબંધી માત્ર નામની છે. સરકાર ભલે મસમોટા દાવાઓ કરે પણ ગુજરાતમાં દારૂ એટલો જ વેચાય છે અને પીવાય પણ છે. ગુજરાતમાં દારૂનું એક રીતસરનું નેટવર્ક ચાલે છે જેને કોઈ પણ સરકાર તોડવા માગતી નથી. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આદેશો કર્યા બાદ પોલીસ હાલમાં દરોડા પાડી રહી છે પણ શું ગુજરાતમાં દારૂબંધી લાગું છે એ સૌથી મોટો સવાલ છે.

તપાસ આગળ વધી તો ખુલ્યું મોતના કારોબારનું મોટું નેટવર્ક. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા મયુરસિંહ ચાવડાના જણાવ્યા પ્રમાણે નકલી દારૂ ભાવનગરના મુખ્ય આરોપી ગૌતમ સોલંકીના ઘરે જ તૈયાર થતો હતો. આ આખા કાવતરાનો માસ્ટરમાઈન્ડ મધ્યપ્રદેશનો રઈસ અને તેનો સાથી નરેન્દ્ર યાદવ ઉર્ફે ડોક્ટર હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૨૧ બુટલેગરો ઝડપાઈ ચૂક્યા છે. ભોપાલથી મુખ્ય આરોપી રઈસ સહિત ગૌતમ સોલંકી અને અન્ય મુખ્ય આરોપીઓને પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

તપાસના તાર હવે અમદાવાદ સુધી પહોંચ્યા છે. દારૂ બનાવવા માટે જરૂરી મિથેનોલ, ઈથેનોલ અને એસન્સ દિલ્હીથી પાર્સલ મારફતે અમદાવાદના સરખેજ હાઈવે પર આવેલા ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં પહોંચાડવામાં આવતું હતું.એસએમસી અને અમદાવાદ પોલીસે ગોડાઉનમાંથી સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. સાથે જ અમદાવાદ ગ્રામ્ય પોલીસે કોમ્બિંગ ઓપરેશન ચલાવીને ૧૭૭થી વધુ દારૂના કેસ નોંધ્યા છે. ધોલેરા પોલીસે પણ કાર્યવાહી કરીને નકલી દારૂની ૨૪ બોટલો જપ્ત કરી છે, જેને એફએસએલમાં તપાસ માટે મોકલવામાં આવી છે.

ભાવનગર નકલી દારૂ કાંડ બાદ ગુજરાત પોલીસ વડા જી એસ માલિકે સમગ્ર ગુજરાત દારૂ સબંધે કેસ કરવા ની ત્રણ દિવસ ની ડ્રાઈવ આપી હતી જેના અંતર્ગત અમદાવાદમાં સ્ટેટ મોનિટરિંગ સેલ અને નિકોલ પોલીસના ડી સ્ટાફને પાકી બાતમી મળી હતી કે નિકોલ સુનિલ માખીજા અને કુબેરનગર ના દિનેશ જંડાવાલા નામના બે શખ્સો ભેગા મળીને બનાવટી ડુપ્લિકેટ અંગ્રેજી દારૂ બનાવી બોટલોમાં ભરીને મોટાપાયે આર્થિક ફાયદા માટે વેચાણ કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે નિકોલ વિસ્તારમાં વોચ ગોઠવીને, નિકોલ ના અટલ આવાસ યોજના પાસેથી ૨૬ વર્ષીય સુનિલ ઉર્ફે સોનુ રમેશભાઈ માખીજાને ઝડપી લીધો હતો

## વંદે માતરમનો વિરોધ કરવો એ રાષ્ટ્રની ભાવનાઓનું અપમાન છે, રાજનાથ સિંહ અને નડ્ડાના કોંગ્રેસ પર પ્રહાર કર્યા

નવીદિલ્હી

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી દ્વારા વંદે માતરમનું સન્માન કરવાનો ઔપચારિક ઈનકાર જ નહીં, પરંતુ તેનો સીધો વિરોધ પણ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને બંધારણીય દ્રષ્ટિકોણથી ખૂબ જ ગંભીર બાબત છે. રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વિડિઓ સંદેશ બહાર પાડ્યો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય બંધારણ મુજબ, સંસદ દેશની સર્વોચ્ચ સંસ્થા છે, અને સંસદ દ્વારા પસાર કરાયેલ કોઈપણ કાયદો દરેક વ્યક્તિ માટે બંધનકર્તા છે.

રાજનાથ સિંહે સ્પષ્ટપણે કહ્યું, "જો કોઈ તેનું પાલન કરવાનો ઈનકાર કરે છે, તો બંધારણ પ્રત્યેની તેમની વફાદારી ચોક્કસપણે પ્રશ્નાર્થમાં આવે છે. અને જો કોઈ રાષ્ટ્રગીતનો આદર કરવાનો ઈનકાર કરે છે, તો તેમની દેશભક્તિ પણ પ્રશ્નાર્થમાં આવે છે."

હકીકતમાં, કોંગ્રેસ પાર્ટીએ ૧૯૩૭ના કોંગ્રેસના ઠરાવને ટાંકીને, વંદે માતરમના ફક્ત પહેલા બે શ્લોકો ગાવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસ પાર્ટી દાવો કરે છે કે આ નિર્ણય મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને રવિન્દ્રનાથ ટાગોર જેવા ટોચના નેતાઓની સંમતિથી લેવામાં આવ્યો હતો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ કહે છે, "કોંગ્રેસ પાર્ટીનો ૧૯૩૭નો ઠરાવ, જેનો તે ઉલ્લેખ કરે છે, તે મુસ્લિમ લીગની કટ્ટરવાદી માંગણીઓ સામે ઝૂકીને કોંગ્રેસ પાર્ટી દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, અને તેના પરિણામો ભવિષ્યમાં ભાગલાના સ્વરૂપમાં જોવા મળશે."

કોંગ્રેસ પાર્ટી દ્વારા વંદે માતરમનું સન્માન કરવાનો ઔપચારિક ઈનકાર, પણ તેનો સ્પષ્ટ વિરોધ, અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને બંધારણીય રીતે ગંભીર બાબત છે. ભારતના બંધારણ મુજબ, સંસદ દેશની સર્વોચ્ચ સંસ્થા છે અને સંસદ દ્વારા પસાર કરાયેલ કોઈપણ કાયદો દરેક વ્યક્તિ માટે માન્ય છે

રાજનાથ સિંહે કહ્યું કે કટ્ટરવાદી તત્વો સાથે સમાધાન હંમેશા દેશ માટે ઘાતક સાબિત થયું છે, અને જ્યારે કોંગ્રેસ આજે પણ તે જ રીતે કટ્ટરવાદી તત્વો સમક્ષ શરણાગતિ સ્વીકારી રહી છે, ત્યારે તે દેશના ભવિષ્ય માટે ગંભીર ખતરોનો સંકેત આપે છે. તેમણે કહ્યું, "હું માનું છું કે કોંગ્રેસનો આ નિર્ણય સંપૂર્ણપણે ગેરબંધારણીય અને નિંદનીય છે, અને તે ભવિષ્યમાં ગંભીર રાજકીય સંકટ પેદા કરશે. વંદે માતરમનો વિરોધ કરીને, કોંગ્રેસે રાષ્ટ્ર સમક્ષ તેના મૂર્ખ અને ખતરનાક ઈરાદાઓ જાહેર કર્યા છે."

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬, તાજેતરમાં પૂર્ણ થયેલા સંસદના ચોમાસા સત્રમાં પસાર થયું હતું. આ દરમિયાન, વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો અને ગૃહમાંથી વોકઆઉટ કર્યું. આ બિલનો હેતુ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ને રાષ્ટ્રગીત 'જન ગણ મન' જેવો જ કાનૂની દરજ્જો અને રક્ષણ પૂરું પાડવાનો હતો. આનો અર્થ એ છે કે જો કોઈ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'નું અપમાન કરે છે, તો તેમની સામે કડક કાર્યવાહી થઈ શકે છે અને તેમને કાયદા હેઠળ સજા થઈ શકે છે. આ બિલ સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું છે.

# ભાવનગર નકલી દારૂ કાંડને પગલે મહીસાગર પોલીસ એક્શનમાં

## ડ્રોન સર્વેલન્સથી જંગલમાં દેશી દારૂની ભઠ્ઠીઓનો પર્દાફાશ.

લુણાવાડા, ભાવનગરમાં નકલી દારૂના બનાવ બાદ મહીસાગર જીલ્લા પોલીસ તંત્ર સક્રિય બન્યું છે. જીલ્લા પોલીસ વડા સફીન હસનના માર્ગદર્શન હેઠળ ગેરકાયદે દારૂના ઉત્પાદન, વેચાણ અને હેરાફેરી સામે સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.



આ અભિયાનના ભાગરૂપે, કોઠંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડીવાયએસપી કમલેશ વસાવા અને પીઆઈ પી.આર. બલાતના નેતૃત્વ હેઠળ પોલીસ ટીમે કાર્યવાહી કરી હતી. ટીમે આગરવાલા નજીક મહીસાગર નદીના પટ અને આસપાસના જંગલ વિસ્તારમાં હાઈટેક ડ્રોન દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધર્યું હતું. ડ્રોન નિરીક્ષણ દરમિયાન ઘોડાના મુવાડા ગામ નજીકના જંગલ વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ મળી આવી હતી.

ડ્રોન દ્વારા માહિતી મળતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે તમામ દેશી દારૂની ભઠ્ઠીઓ તોડી પાડી હતી અને દારૂ બનાવવા માટે વપરાતો આથો, સાધન-સામગ્રી તેમજ અન્ય મુદ્દામાલનો સ્થળ પર જ નાશ કર્યો હતો.

મહીસાગર પોલીસે જણાવ્યું કે, નદી કાંઠા અને જંગલ વિસ્તારોમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ડ્રોન સહિતની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ભવિષ્યમાં પણ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# નસવાડી તેતરકુંડી વર્ગ પ્રા.શાળાને જોડતો કાચા માર્ગને લઈ શિક્ષિકાને ૬ કિમી પગપાળા શાળા જવા મજબુર

નસવાડી, નસવાડી તાલુકાના અંતરિયાળ તલાવ ગામની તેતરકુંડી વર્ગ પ્રાથમિક શાળાને જોડતો કાચો રસ્તો ચોમાસામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૧૫૦ની વસતિ માટે મોટી મુશ્કેલી બન્યો છે. વરસાદ પડે એટલે રસ્તો કાદવ-કીચડથી ભરાઈ જાય છે. બાઈક સહિતનો વાહન વ્યવહાર બંધ થઈ જાય છે.

શાળામાં ફરજ બજાવતા એક શિક્ષિકા રોજે રોજ લગભગ ૬ કિલોમીટર પગપાળા ચાલીને શાળાએ પહોંચે છે. રસ્તો ગાઢ જંગલમાંથી પસાર થાય છે. એકલા જવું જોખમી બને છે. વરસાદમાં લપસી પડવાનો ભય રહે છે. જંગલી જાનવરોનો ડર રહે છે. તેમ છતાં બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે શિક્ષિકા રજા લીધા વગર નિયમિત હાજરી આપે છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આ રસ્તો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પાકો બનાવવા મંજૂર થયો છે. તેમ છતાં કામ હજુ શરૂ થયું નથી. ગ્રામજનો અને વાલીઓએ ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરી છે.

તેમજ તાત્કાલિક પાકો રસ્તો બનાવવા રજૂઆત કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે પાકો રસ્તો બનશે તો બાળકોને શાળાએ આવવા-જવામાં સરળતા રહેશે. તેમજ શિક્ષકો પણ સમયસર પહોંચી શકશે.

> ૩ વર્ષથી દરરોજ ૬ કિલોમીટર પગપાળા અવરજવર કરૂં છું તલાવની તેતરકુંડી વર્ગ પ્રાથમિક શાળાને જોડતો રસ્તો કાચો હોઈ ગામના આદિવાસી સૌ કોઈ દુઃખી છે. હું છેલ્લા ત્રણ વર્ષથી શાળા જવા ધારસિમેલથી ૩ કિમી જવાનું અને ૩ કિમી આવવાનું મળી કુલ ૬ કિમીજંગલના રસ્તે પગપાળા કાપું છું. મહિલા હોવા છતાંય ફરજના ભાગરૂપે કરવું પડે છે. જીલ્લાના અધિકારીઓ જોઈ ગયા છે, હવે રસ્તો ઝડપી બને તો સારૂં.
> :- દીપ્તિબેન સરવૈયા,શિક્ષિકા-:

# સંખેડાના ભાટપુર અને ટીંબા ગામના સબ સેન્ટરની કામગીરી બે વર્ષ થયા છતાં હજુ ય અધૂરી એજન્સીને બ્લેક લીસ્ટ કરવા કાર્યવાહી

સંખેડા, સંખેડા તાલુકાના ભાટપુર અને ટીંબા ગામે સબ સેન્ટરની કામગીરી બે વર્ષે પણ અધૂરી છે. કામ પૂરૂં કરવાની મર્યાદા પૂરી થઇ ગઇ હોવા છતાં કામગીરી અધૂરી છે. આખરે એજન્સીને છૂટી કરી દેવાઇ છે. એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની કાર્યવાહી કરી દેવામાં આવી છે.

ભાટપુરમાં તા.૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ નવીન સબ સેન્ટર બનાવવાની કામગીરી હાથ ધરાઇ હતી. માત્ર ૭ મહિનામાં જ આ સબ સેન્ટરની કામગીરી પૂરી કરવાની હતી. પણ કામગીરી પૂરી કરી શકાઇ નહોતી.હાલમાં પણ સબ સેન્ટરની કામગીરી અધૂરી છે. આવી જ કહાની ટીંબા ગામે બની રહેલા સબ સેન્ટરની છે. અહીંયા પણ સબ સેન્ટરની કામગીરી અધૂરી છે. ભાટપુર અને ટીંબા ગામે સબ સેન્ટર કંપાઉન્ડવોલ સાથે બનાવવાનું હતું. પરંતુ આ કામગીરી હાલમાં અધૂરી છે.

સબ સેન્ટરની કામગીરી સંભાળતી કચેરી દ્વારા કામ કરનાર ઇજારદાર એજન્સીને ભૂતકાળમાં નોટિસ પણ અપાઇ હતી. તેમ છતાં હજી કામગીરી પૂરી થઇ નથી.

ઇજારદાર કામગીરી કરતા નહીં હોવાથી છૂટા કરી દીધા આ બાબતે પી.આઇ.યુ.નો સંપર્ક કરતાં અત્રેના સૂત્રોએ જણાવ્યું હતું કે,"વારંવાર સૂચના આપવા છતાં ઇજારદાર દ્વારા કામગીરી કરાતી નહોતી. આથી તેમને છૂટા કરી દેવાયા છે. તેમજ બાકી રહેતી કામગીરી પૂરી કરવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. તેમજ એજન્સીને બ્લેક લિસ્ટ કરવા માટેની આગળની કાર્યવાહી પણ કરી દેવામાં આવી છે.

# મહીસાગરમાં વધુ એક સરપંચની ધરપકડ થતા કોન્ટ્રાકરોમાં ફફડાટ

બાલાસિનોર, મહીસાગરના વખતપુર ગ્રામ પંચાયતના સરપંચની નલ સે જલ કૌભાંડમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. ત્યારે, નલ સે જલ કૌભાંડ માં સરપંચ સહિત વધુ એક કોન્ટ્રાક્ટર ની ક્રાઇમ બ્રાન્ચ દ્વારા કરાઈ ધરપકડ.



મળતી વિગતો અનુસાર કિડીયા વખતપુર ગ્રામ પંચાયતમાં નલ સે જલની કામગીરીમાં નિખિલ પટેલની સંડોવણી સામે આવતા સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા છાપો મારી દબોચી લેવામાં આવતા કૌભાંડીઓની ઉંઘ હરામ થઈ.

નલ સે જલ યોજના અંતર્ગત કૌભાંડીઓનો રાફડો ફાટ્યો હોય તેમ એક પછી એક ઝડપાયેલા આરોપીઓનો આંકડો પર પર પહોંચ્યો..આ કૌભાંડી મહાશય રાજકીય નેતાઓ સાથે સાંઠગાંઠ હોવાની ચર્ચા તેજ બની છે, ત્યારે પંચમહાલ સાંસદ રાજપાલસિંહજી જાદવના નજીકના હોવાનું મનાય છે. સરપંચ અને સાંસદની તસ્વીરો વાઇરલ થતા લોકોમાં ભારે તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

# કવાંટના કડીપાણી ગામે મામલતદાર કચેરી દ્વારા KYC કેમ્પ યોજયા

કવાંટ, કવાંટ તાલુકાના કડીપાણી ગામે મામલતદાર કચેરી દ્વારા રેશનકાર્ડ અને વૃદ્ધ પેન્શન યોજના માટે ઈ-કેવાયસી (KYC) કેમ્પ યોજાયો હતો. સરકારી યોજનાઓનો લાભ અવિરત મળતો રહે તે માટે કેવાયસી પ્રક્રિયા અનિવાર્ય છે. છેવાડાના ગ્રામજનોને તાલુકા મથક સુધી જવાની અગવડ ન પડે તે હેતુથી આ વિશેષ સેવા કેમ્પનું આયોજન કરાયું હતું.

આ કેમ્પમાં કડીપાણી ઉપરાંત હાફેશ્વર, આંબાડુંગર, ઉમઠી, મોટીચીખલી, મોગરા, નાખલ, ખસરા અને બુંજર જેવા આસપાસના અંતરિયાળ ગામોમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો અને વૃદ્ધ લાભાર્થીઓ ઉમટી પડ્યા હતા. તેમણે પોતાની જરૂરી કેવાયસી કામગીરી પૂર્ણ કરાવી હતી.

આદિવાસી વિસ્તારમાં મોટાભાગના ગ્રામજનો અશિક્ષિત હોવાથી તેમને ઓનલાઈન કેવાયસી અને ડિજીટલ દસ્તાવેજી પ્રક્રિયામાં મુશ્કેલી પડતી હોય છે. આ મુશ્કેલી નિવારવા કવાંટ તાલુકા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ ભારેશભાઈ રાઠવા કેમ્પ સ્થળે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામજનોના ફોર્મ ભરવામાં, આધાર-પુરાવાઓની ચકાસણી કરાવવામાં અને પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરવામાં પ્રત્યક્ષ સહયોગ આપ્યો હતો.

વહીવટી તંત્રના સ્ટાફ અને સ્થાનિક આગેવાનના સહકારથી અંતરિયાળ વિસ્તારના અનેક પરિવારો અને વૃદ્ધોની કામગીરી સરળતાથી પૂર્ણ થઈ હતી. આનાથી લોકોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

# નગર પાલિકા કચેરીથી ફગવા નાકા સુધી જેસીબી ફરી વળ્યા

બાલાસિનોર બાલાસિનોરમાં વહીવટી તંત્રના નેજા હેઠળ શરૂ કરવમાં આવેલી સંયુક્ત મેગા ડિમોલિશન ડ્રાઈવ આજે સતત ત્રીજા દિવસે પણ ચાલું જ રાખવામાં આવી હતી. ત્રીજા દિવસમાં કાચા-પાકા કુલ ૬૦૦થી વધારે દબાણો તોડી પડાયા હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, આ દબાણો શરૂ થયા ત્યારે જ ધ્યાન રાખવામાં આવ્યું હોત તો આજે આટલી મોટી ઝુંબેશ કરવાની નોબત આવત નહીં !બાલાસિનોરમાં તાલુકા વહીવટી તંત્ર, નગર પાલિકા, પોલીસ, માર્ગ અને મકાન વિભાગ તથા એમજીવીસીએલ દ્વારા ગઈકાલથી અમદાવાદી ઢાળથી ફગવા નાકા સુધી મેગા દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેમાં આજે ત્રીજા દિવસે નગર પાલિકા કચેરીથી ફગવા નાકા સુધીના દબાણો તોડવામાં આવ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ત્રણ જેસીબી વડે હાથ ધરાયેલી આજની કાર્યવાહીના અંતે સાડા ત્રણસો જેટલા દબાણ દૂર કરાયા છે. તંત્રએ આ અંગે દાવો કરતા જણાવ્યું છે કે, પાકા અને કાચા



મકાનો, દુકાનો, શેડ, દીવાલો, છાપરા, ઝુંપડા સહિતના તમામ દબાણ હટાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૫૦ જેટલા કાચા અને ૨૦૦થી વધારે પાકા દબાણ તોડી પાડવામાં આવ્યા છે. આજે કાર્યવાહી ચાલું જ રાખવામાં આવી હતી. ખુલ્લી કરાયેલી જગ્યામાં ફરી વખત દબાણો ન થાય, તેવી તાકીદ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, બાલાસિનોરમાં નિશાળ ચોકથી રાજપુરી દરવાજા સહિતના માર્ગો પર પણ દબાણ વધી ગયા છે. ત્યારે ભવિષ્યમાં આટલી મોટી ઝુંબેશ હાથ ધરવી પડે ત્યાં સુધી રાહ જોવાના બદલે અત્યારથી જ દબાણો બાબતે કડક પગલાં લેવાય, તેવી ટકોર નગરજનોએ કરી છે.

# પંચમહાલ રેન્જ ડી.આઈ.જી. વિધિ ચૌધરી દ્વારા મહીસાગર જીલ્લાના સંતરામપુર ડિવિઝનનું વાર્ષિક ઈન્સ્પેકશન સંપન્ન

લુણાવાડા, પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી દ્વારા મહીસાગર જીલ્લાના સંતરામપુર ડિવિઝનનું વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન લુણાવાડા ખાતે જીલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનના સીધા માર્ગદર્શન હેઠળ તેમની ટીમ તેમજ જીલ્લાના દાતાઓ અને પ્રજાજનોના સહયોગથી તૈયાર કરાયેલા વિવિધ નવનિર્મિત પ્રકલ્પો અને રિનોવેટ કરાયેલી કચેરીઓનું ડી.આઈ.જી.ના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સમારોહ અંતર્ગત લુણાવાડા ખાતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદૃઢ બનાવવા નવીન 'વાંસીયા ચોકી'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ મહિલાઓ અને બાળકોની સંવેદનશીલતા તથા સુવિધાને અગ્રતા આપીને રિનોવેટ કરાયેલા જીલ્લા મહિલા પોલીસ સ્ટેશનનું ઉદ્દઘાટન કરાયું હતું. આ મહિલા પોલીસ સ્ટેશનમાં બાળકો માટે 'ફીડિંગ રૂમ' તેમજ ઘોડિયાઘર જેવી આધુનિક સવલતો ઉપલબ્ધ કરાવાઈ છે. આ ઉપરાંત, રાજવી સમયની ઐતિહાસિક ધરોહર સમાન રાઈફલ હાઉસની ઈમારતનું રિનોવેશન કરી તૈયાર કરવામાં આવેલી જીલ્લા ટ્રાફિક શાખાની નવી કચેરી તથા પોલીસ પરિવારોના કલ્યાણ અર્થે પોલીસ વેલ્ફેર સંચાલિત 'દૂધ વેચાણ કેન્દ્ર' પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું આ ઉપરાંત ડી.આઈ.જી વિધિ ચૌધરી અને પોલીસ અધિક્ષક સફીન હસનના હસ્તે દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરીએ જણાવ્યું હતું કે, જીલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનના નેતૃત્વમાં મહીસાગર પોલીસ દ્વારા ઊભી કરવામાં આવેલી આ આધુનિક અને



સુવિધાયુક્ત વ્યવસ્થાઓથી પોલીસ પ્રશાસનની કામગીરી વધુ સુદૃઢ બનશે. આ સુવિધાઓ થકી પોલીસ વિભાગ પ્રજાલક્ષી કાર્યો અને સેવાઓ વધુ લોકાભિમુખ તથા અસરકારક રીતે પૂરી પાડશે તેવી પૂર્ણ આશા તેમણે વ્યક્ત કરી હતી.

આ લોકાર્પણ સમારોહમાં મહારાજા સિદ્ધરાજસિંહજી, લુણાવાડા નગરપાલિકા પ્રમુખ કીર્તિ પટેલ, નાયબ પોલીસ અધિક્ષકઓ, અગ્રણી દાતાઓ, નગરજનો તથા પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંખેડાના રતનપુર-રામપુરા રોડ પર પેચવર્કની કામગીરી શરૂ કરાઈ

સંખેડા, સંખેડા તાલુકાના હાંડોદથી રતનપુર-રામપુરા રોડની લાંબા સમયથી ખરાબ હાલતને પગલે આખરે તંત્રએ કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડ પર વેટ મિક્સ મટીરીયલથી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે જ નવા રોડ માટે સરકારમાં દરખાસ્ત પણ રજૂ કરાઈ છે.

ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રતનપુર-રામપુરા રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા હતા. આના કારણે વાહનચાલકો, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અને શાળાના બાળકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી અને અકસ્માતનો ભય પણ વધી ગયો હતો.ગ્રામજનોની સતત રજૂઆતો બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ડામર અને વેટ મિક્સ મટીરીયલ લાવી પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે. વિભાગના કર્મચારીઓ દ્વારા યુદ્ધના ધોરણે ખાડા પુરવાની કામગીરી ચાલી રહી છે.

આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડને સંપૂર્ણપણે નવો બનાવવા માટે સરકારમાં દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત મંજૂર થતાં ટૂંક સમયમાં નવા રોડનું નિર્માણ કાર્ય પણ શરૂ કરવામાં આવશે.પેચવર્ક શરૂ થતા સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોએ જણાવ્યું કે સમારકામ પૂર્ણ થવાથી વાહન વ્યવહાર સરળ બનશે અને અકસ્માતનું જોખમ ઘટશે. તેમણે તંત્રનો આભાર માની નવો રોડ ઝડપથી મંજૂર થાય તેવી માંગ પણ કરી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૩૦માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કંજેટાવાલા મોઈજભાઈ
હસનઅલી
તરફથી અભીનંદન...મુ. સીંગાવલી,
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૩૦માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
તાબાવાલા નુરૂદીનભાઈ
હુસેનીભાઈ
તરફથી અભીનંદન...મુ. અગાસવાણી ,
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૩૦માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત શબ્બીરભાઈ
સીરાજભાઈ
તરફથી અભીનંદન...મુ. સજોઈ ,
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૩૦માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત સેફુદીન
સાદેકઅલી
તરફથી અભીનંદન...મુ. માંડવ ,
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૩૦માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત આરીફભાઈ
ઈસુબજી
તરફથી અભીનંદન...મુ. કાલીયાવાડ
તા.ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૩૩૬/૨૦૨૬, તા.૧૭/૦૭/૨૦૨૬

અરજદાર- શ્રી ડામોર શનીયાભાઈ માંગજીભાઈ, રહે.આમલીમેનપુર,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી ડામોર શનીયાભાઈ માંગજીભાઈ તેમના પુત્રી નામે ડામોર સુકાબેન શનીયાભાઈ ની જન્મ તા.૧૦/૦૧/૨૦૧૧ નારોજ મુ.આમલીમેનપુર, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રી નો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રી નો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૧૭ માહે જુલાઈ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૪૫૯/૨૦૨૫, તા.૦૭/૦૪/૨૦૨૬

અરજદાર- શ્રી બારીઆ સામાભાઈ નર્વતભાઈ, રહે.આમલીમેનપુર,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી બારીઆ સામાભાઈ નર્વતભાઈ તેમના પુત્રી નામે બારીઆ શોભનાબેન સામાભાઈ ની જન્મ તા.૦૧/૦૯/૨૦૧૪ નારોજ મુ.આમલીમેનપુર, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રી નો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આમલીમેનપુર, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રી નો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૦૭ માહે એપ્રિલ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૩૪૭/૨૦૨૬, તા.૧૪/૦૮/૨૦૨૬

અરજદાર- શ્રી મોહનીયા દીપાભાઈ સીનુભાઈ, રહે.પાનમ,તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂદ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,.પાનમ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા દીપાભાઈ સીનુભાઈ તેમના પુત્ર/પુત્રી નામે (૧)મોહનીયા શારદીબેન દીપાભાઈની જન્મ તા.૧૦/૦૪/૨૦૧૪ (૨)મોહનીયા જગદીશભાઈ દીપાભાઈની જન્મ તા.૧૪/૦૫/૨૦૧૫નારોજ મુ.પાનમ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રી નો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું..પાનમ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રી નો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૧૪ માહે ઓગસ્ટ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## આપની આજ.......

મેષઃ પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે.

વૃષભઃ આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે.

મિથુનઃ લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે.

કર્કઃ આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહઃ આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે. સાસરા પક્ષ તરફથી સંબંધો સૌહાર્દપૂર્ણ બનશે અને તેમને ટેકો પણ મળશે.

કન્યાઃ તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો.

તુલાઃ વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિકઃ આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે.

ધનઃ તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકરઃ આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે

કુંભઃ આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીનઃ આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સરકારી શૈક્ષણિક સાધન કૌભાંડ : ઘોડા છુટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ સજાયો.!

**ખાનગી શાળાના કૌંભાંડ સામે આવ્યા બાદ પ્રાદેશિક કમિશ્નરના ફતેપુરામાં ધામાઃ જીલ્લાકક્ષાએથી ડીપીઓ તેમજ ડીઓ દ્વારા પણ તપાસમાં જોડાયા બાબત છે કે, શાળામાંથી ૨૦૨૪-૨૫ની સાધન સામગ્રી જપ્ત કરવામાં આવી.**



ફતેપુરા,

ફતેપુરામાં સરકારી શૈક્ષણિક સામગ્રીનો ખાનગી શાળામાં ઉપયોગ મામલે ગઈકાલે ઘટસ્ફોટ થયો છે. ગઈ કાલે ટીપીઓની ટીમ દ્વારા ટચ ધ લાઈટ ખાનગી શાળામાં તપાસ દરમ્યાન સરકારી શૈક્ષણિક સામગ્રી મળી આવતાં ગઈ કાલે ખાનગી શાળાને સીલ કરવામાં આવી હતી. તમામ સરકારી સાધન, સામગ્રીઓ જપ્ત કરવામાં આવી હતી. જે મામલે હવે રાજ્ય સરકાર દ્વારા આ મામલે ગંભીરતા દાખવી ગુજરાત રાજ્યના પ્રાદેશીક કમિશ્નર તપાસ અર્થે દાહોદ દોડી આવ્યાં હતાં. સરકારી શૈક્ષણિક સાહિત્યના કૌંભાંડ મામલે હવે પ્રાદેશિક કમીશ્નર કચેરી તેમજ જીલ્લા પ્રાથમીક શિક્ષણ તેમજ જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પેરલલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ખાનગી શાળામાં સરકારી સાહિત્યના કૌભાંડમાં હવે ખુદ સરકારી શાળામાં ભણાવતાં શિક્ષકો સામે તપાસ ઉભી થઈ ગઈ છે. જેમાં અલગ અલગ શાળામાં ભણાવતાં શિક્ષકો દ્વારા આ ટચ ધ લાઈટ દ્વારા ખાનગી શાળા શરૂ કરી સરકારી શૈક્ષણિક સામગ્રીનો ગેરકાયદેસર રીતે પોતાની ખાનગી શાળામાં ઉપયોગ કરી રહ્યાં હતાં. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે, ઉપરોક્ત ખાનગી શાળામાંથી જપ્ત કરાયેલો શૈક્ષણિક સામગ્રીનો જથ્થો કંઈ સ્કુલમાંથી આ ખાનગી શાળામાં મોકલવામાં આવ્યો હતો. સામાન્ય રીતે કોઈપણ સરકારી શાળા કચેરીમાં સાધન સામગ્રી આવતી હોય છે. ત્યારે તેની આવક જાવકનો અથવા મેન્ટન કરવા પડે છ તેના માટે પણ જત કચેરીના કમચારીની જવાબદારી નક્કી કરવામાં આવે છે. તો આ સરકારી સામગ્રીના હરફર અને કોભાંડમાં આ રજીસ્ટાર શિક્ષકો સિવાય અન્ય કેટલા લોકોની સંડોવણી છે, તે અંગે હવે ઉચ્ચ કક્ષાએથી તેમજ સ્થાનીક લેવલેથી તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આક્ષેપ એ પણ છે કે, છેલ્લા ૩-૪ વર્ષથી આ પ્રકારની પ્રવૃતિ ચાલી રહી હતી અને રજુઆતો પણ કરવામાં આવી હતી. પરંતુ ક્યાં કારણોસર રજુઆતોને ગંભીરતાથી ન લેવામાં આવી તેવા પણ પ્રશ્નો હવે ચર્ચાને એરણે ઊઠ્યાં છે. આ મામલે વિદ્યાથી નેતાની રજૂઆતો બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે અને હવે પ્રાદેશિક કમિશ્નર અને સ્થાનીક લેવલેથી તપાસ શરૂ કરવામાં આવી છે. આતો ફક્ત એક શાળાનો વિષય છે. આવું કૌંભાંડ અન્ય કેટલી જગ્યાએ ચાલી રહ્યું હશે તે પ્રશ્ન જનમાસનમાં ઉઠવા પામ્યો છે. શૈક્ષણિક સામગ્રીનો કૌંભાંડ સામે આવ્યો છે ત્યારે તપાસ શરૂ કરવામાં આવી છે, ત્યારે ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવી ઉક્તિ અહીંયા સાર્થક થઈ રહી છે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. હવે આ સમગ્ર શૈક્ષણિક સામગ્રીના કૌભાંડમાં કેટલાં લોકોની મીલીભગત સામે છે. તે હવે તપાસ બાદ સાર્વજનિક થાય તોજ ખબર પડશે. નહીંતર ભુતકાળમાં પણ આવા પ્રકારની ગેરરીતીઓ ઘણીખરી શાળાઓ તેમજ અન્ય વિભાગોમાં પણ સામે આવી છે. જેમાં તપાસો પણ કરવામાં આવી પરંતુ તે તપાસોમાં પણ શું બહાર આવ્યું તેનું સ્પષ્ટીકરણ તેમજ અહેવાલ અત્યાર સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી. ત્યારે હવે આ શૈક્ષણિક સામગ્રીનો કૌભાંડ કરનાર ભ્રષ્ટાચારીઓ ખુલ્લા પડશે કે પછી સમય જતાં આ તપાસ ઠંડા રસ્તામાં મુકાઈ જશે. તે હવે જોવું રહ્યું.

# દાહોદમાં તહેવારો પહેલાં ફૂડ સેફ્ટી વિભાગની લાલ આંખ, અખાદ્ય ખોરાકનો નાશ કરીને ફટકાર્યો ૧૦,૦૦૦નો દંડ



દાહોદ,

આગામી તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને દાહોદ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સઘન ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. કલેક્ટર સુરભી ગૌતમના માર્ગદર્શન હેઠળ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી તહેવારો દરમિયાન લોકોને શુદ્ધ અને સાત્વિક ખોરાક મળી રહે.

પ્રાંત અધિકારી મિલિન્દ દવે અને ફૂડ વિભાગની ટીમે દાહોદ શહેરની લગભગ ૧૦ જેટલી જાણીતી રેસ્ટોરન્ટો, હોટલો તેમજ મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં આકસ્મિક દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન સ્થળ પર સ્વચ્છતાનો અભાવ, ગંદકી અને ખાદ્ય સામગ્રીની જાળવણીમાં ભારે બેદરકારી જોવા મળી હતી, જેના પગલે તંત્ર દ્વારા સંચાલકોને સ્થળ પર જ મૌખિક અને લેખિત નોટિસો ફટકારવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન મળી આવેલો વાસી, ગુણવત્તા વગરનો અને આરોગ્ય માટે હાનિકારક એવો અખાદ્ય ખોરાક તાત્કાલિક ધોરણે નાશ કરવામાં આવ્યો હતો. આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન કરનાર અને સ્વચ્છતા ન જાળવનાર વેપારીઓ સામે લાલ આંખ કરીને તંત્ર દ્વારા સ્થળ પર જ રૂા.૧૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

દાહોદ નગરપાલિકાના ફૂડ અધિકારી પિંકલ નગરાલાવાલાએ જણાવ્યું હતું કે, નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારના ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં. તહેવારોના સમયમાં લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા અગ્રતા છે, તેથી આ પ્રકારની દરોડાની કાર્યવાહી આગામી દિવસોમાં પણ શહેરમાં સતત અને સઘન રીતે ચાલુ રહેશે.

# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દે. બારિયા ખાતે મકાઈ અને સોયાબીનમાં પાક સંરક્ષણ અંગે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ



દેવગઢ બારિયા,

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર (TRTC), દેવગઢ બારિયા ખાતે ''મકાઈ અને સોયાબીન પાકમાં પાક સંરક્ષણ'' વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આસપાસના વિવિધ ગામોમાંથી ૨૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન કેન્દ્રના વડા ડો. એસ. એસ. થોરાતે ખેડૂતોને પાક સંરક્ષણનું મહત્વ સમજાવી સંકલિત જીવાત નિયંત્રણ (IPM) પદ્ધતિઓ અપનાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ડો. સી.જે. પટેલે મકાઈ અને સોયાબીનમાં આવતી મુખ્ય જીવાતો અને રોગોની ઓળખ તેમજ તેનાથી થતા નુકસાનના લક્ષણો વિશે ઉપસ્થિત ખેડૂતોને ઝીણવટભરી માહિતી પૂરી પાડી હતી.

આ ઉપરાંત, ડો. જી. કે. ભાભોરે પ્રાકૃતિક ખેતી આધારિત પાક સંરક્ષણ પદ્ધતિઓ અને વિવિધ કુદરતી ઉપચારો અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તાલીમના વ્યવહારૂ ભાગરૂપે, બી.ટી.એમ. બારિયા બુધાભાઈ દ્વારા ખેડૂતો સમક્ષ પ્રાકૃતિક કીટનાશક ''નીમાસ્ત્ર'' બનાવવાની રીત અને તેના ઉપયોગ અંગેનું પ્રાયોગિક નિદર્શન (તળ નિદર્શન) કરવામાં આવ્યું હતું.

તાલીમનો મુખ્ય હેતુ ખેડૂતોને પાકમાં આવતા રોગ-જીવાતની સમયસર ઓળખ કરી વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક પદ્ધતિથી નિયંત્રણ કરવા પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમના અંતે ખેડૂતોએ કૃષિ નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી કરી પોતાની ખેતી વિષયક સમસ્યાઓનું સ્થળ પર જ સમાધાન મેળવ્યું હતું..

# દાહોદ ખાતે જીલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન : ૬૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો

દાહોદ,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી, દાહોદ અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસ ખાતે જીલ્લા કક્ષાના રોજગાર ભરતી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. બી.આર. બોદર તથા વાઇસ પ્રિન્સિપાલ ડો. હરેશ કે. પંચાલના માર્ગદર્શન હેઠળ આયોજીત આ ભરતી મેળામાં બી.એ. અને બી.કોમ.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ તેમજ દાહોદ શહેર અને આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં રોજગારવાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે વાઇસ પ્રિન્સિપાલ ડો. હરેશ કે. પંચાલે ઉપસ્થિત ઉમેદવારો તેમજ વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓનું સ્વાગત કરી ઉમેદવારોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. જીલ્લા રોજગાર કચેરીના ધર્મેશ ચૌહાણે રોજગાર મેળા અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ ભરતી મેળામાં સ્થાનિક, નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરની ૧૩ જેટલી નામાંકિત કંપનીઓએ ભાગ લીધો હતો અને કુલ ૩૨૩ જેટલી વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં દાહોદ વિસ્તારના ૬૦૦થી વધુ ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ પ્રસંગે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. ગૌતમ સંગાડા, ઉદિશા પ્લેસમેન્ટ વિભાગના કો-ઓર્ડિનેટર ડો. લાલજીભાઈ પરમાર, ડો. ઉત્તમ જાદવ અને પ્રો. ઇતલીબેન ઉપસ્થિત રહી ઉમેદવારોને પ્રોત્સાહિત કર્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. મેઘા કે. ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતમાં ડો. જીતેન્દ્ર વણઝારાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દાહોદ અર્બન હોસ્પિટલ પાછળ દિપડો દેખાતા ભયનો માહોલ



દાહોદ,

દાહોદ શહેરને અડીને આવેલા લીંચાતી ગામ વિસ્તારમાં રાત્રિના સમયે દીપડો દેખાતાં સમગ્ર પંથકમાં ભારે અફરા તફરી અને ભયનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને અર્બન હોસ્પિટલના પાછળના ભાગે આવેલા ખેતરો તથા રહેણાંક ઘરોની બાસપાસ દીપડો નજરે પડતાં સ્થાનિક રહીશોમાં ફાળ પડી હતી. દીપડો દેખાયાની જાણ થતાં જ વન વિભાગની ટીમ અને રેસ્ક્યુ રીમને તાત્કાલિક સ્થળ પર બોલાવવામાં આવી હતી. વન વિભાગની ટીમે મોડી રાત્રે જ ખેતરો અને ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ શોધખોળ દરમિયાન ખેતરોમાંથી દીપડાના પંજાના નિશાન (પગલાં) મળી આવ્યા હતા, જે વિસ્તારમાં દીપડાની હાજરી હોવાની સૃષ્ટિ થઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, દીપડાની સાથે તેનાં નાના બચ્ચાં પણ હોવાની પ્રબળ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. બચ્ચાં સાથે હોવાથી દીપડો વધુ

આક્રમક બની શકે તેવી સંભાવનાને ધ્યાને રાખીને વનવિભાગ વધુ સતર્ક બન્યું છે.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગ તથા સ્થાનિક તંત્ર દ્વારા રળીયાતી ગામ અને અર્બન હોસ્પિટલ આસપાસના વિસ્તારના લોકોને વિશેષ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છેઃ રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવું તથા ખેતરો તરફ જવાનું ટાળવું. બાળકો અને પશુઓને સુરક્ષિત જગ્યાએ રાખવા. કોઈ પણ શંકાસ્પદ હિલચાલ કે દીપડો નજરે પડે તો તુરંત વન વિભાગનો સંપર્ક કરવો.

# દાહોદના ઊંડાર ગામે મગર દેખાતાં ગ્રામજનોમાં ફફડાટ : વન વિભાગ અને રેસ્ક્યુ ટીમ દ્વારા કોતર-તળાવમાં વ્યાપક શોધખોળ



દાહોદ,

દાહોદ જીલ્લાના ઊંડાર ગામે કોતરમાં મગર દેખાતાં જ ગ્રામજનોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ગામ નજીકના કોતર વિસ્તારમાં મગરની હાજરી અંગે જાણ થતાં જ લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. સ્થાનિકોની સૂચના મળતાં જ વન વિભાગના કર્મચારીઓ તેમજ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. મગરને ઝડપી પાડવા માટે ગામ નજીકના નજીકના કોતર તેમજ તળાવ વિસ્તારમાં વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી છે, તપાસ દરમિયાન મગર ચેકડેમની પાળ પરથી પાણીમાં કૂદ્યો હોવાની વિગતો આવતાં રેસ્ક્યુ કામગીરી સરળ બનાવવા માટે કોતરનું પાણી ખાલી કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. આ રેસ્ક્યુ ઓપરેશનમાં વન વિભાગના અધિકારીઓ સ્થાનિક રેસ્ક્યુ ટીમના ઝુઝર ભાઈ તેમજ પ્રતીક ભાઈની ટીમે પણ જોડાઈને તપાસ હાથ ધરી છે. મગર હજુ સુધી મળી આવ્યો ન હોવાથી વન વિભાગ દ્વારા ગ્રામજનો અને આસપાસના વિસ્તારના લોકોને સાવચેત રહેવા અને કોતર કે તળાવ કિનારે ન જવાની અપીલ કરવામાં આવી છે.

# ઝાલોદ ITI ના તાલીમાર્થીઓ માટે સુવર્ણ તકઃ ફોર્ડ મોટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાણંદ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયો




ઝાલોદ,

ઔદ્યોગિક તાલીમાર્થીઓ માટે રોજગારીની મોટી તકો ઊભી કરતાં, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ઝાલોદ ખાતે તારીખ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. મિકેનિક ડીઝલ, મિકેનિક મોટર વહીકલ, ફિટર, ઈલેક્ટ્રિશિયન, કોપા અને ડ્રેસ મેકિંગ જેવા વિવિધ ટેકનિકલ કોર્સનું સફળતાપૂર્વક પ્રશિક્ષણ પૂર્ણ કર્યા બાદ પરિણામ જાહેર થતાંની સાથે જ આ પ્લેસમેન્ટ યોજાયું હતું.

આ કેમ્પસ ડ્રાઈવમાં દેશની અગ્રણી ઓટોમોબાઈલ કંપની ફોર્ડ મોટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સાણંદ' દ્વારા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ચાલુ વર્ષના તાલીમાર્થીઓની એપ્રેન્ટિસશિપ તેમજ સીધી નોકરી માટે આયોજનબદ્ધ રીતે વર્ક સોંપણી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષથી ITI ZALODના ઓટોમોબાઈલ ગ્રુપ અને સંસ્થાના સક્રિય સહયોગના પરિણામે ઓટો ક્ષેત્રના લગભગ તમામ તાલીમાર્થીઓ સફળતાપૂર્વક રોજગારી મેળવી રહ્યા છે, જે સમગ્ર ક્લસ્ટર વિસ્તાર માટે અત્યંત હર્ષ અને ગૌરવની બાબત છે. સંસ્થાના તંત્ર દ્વારા પસંદગી પામેલા તમામ ઉમેદવારોને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# દાહોદની નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ)માં 'ઝેરી સાપની સચોટ ઓળખ' પર વિશેષ વેબિનાર યોજાયો



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ)ના પ્રાણીશાસ્ત્ર વિભાગ અને LBALAB એસોસિએશનના ખજાગ અંતર્ગત તાજેતરમાં 'Serpentine Science: Advanced Insights into Venomous Snakes' વિષય પર ઓનલાઈન વેબિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ઘાંચી મોહમ્મદફૈઝલ મોહમ્મદઈકબાલે માત્ર 'ઝેરી સાપ' (Venomous Snakes) ના વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે આપણા વિસ્તારમાં જોવા મળતા મુખ્ય ઝેરી સાપની ચોક્કસ ઓળખ, તેમના ઝેરની અસરો, સર્પદંશ વખતે લેવાતી તાત્કાલિક તબીબી સારવાર (એન્ટી-વેનમ) અને ઝેરી સાપ અંગે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓને વૈજ્ઞાનિક તથ્યો સાથે વિદ્યાર્થીઓને સમજાવી હતી.

કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીના માર્ગદર્શન અને પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. અંકિતકુમાર એન. ચૌહાણના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિભાગના તમામ સ્ટાફ મિત્રોનો સક્રિય સહયોગ રહ્યો હતો. આ ઓનલાઈન વેબિનારમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને વન્યજીવ સંરક્ષણ વિશે અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

# નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ અને જીલ્લા ઉદ્યોગ ભવન, દાહોદના સંયુક્ત ઉપક્રમે ૨૧ ઓગસ્ટ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દાહોદ ખાતે જીલ્લા ઉદ્યોગ ભવન દાહોદના સહયોગ દ્વારા આચાર્ય ડો.બી.આર. બોદર અને વાઈસ પ્રિન્સિપાલ ડો.હરેશ કે પંચાલના માર્ગદર્શન હેઠળ આજરોજ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમના આરંભે વાઈસ પ્રિન્સિપાલ હરેશ પંચાલે ઉપસ્થિત વક્તાઓ અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને આર્થિક આવકમાં વધારો કરવા માટે ઉદ્યોગ સાહસિકતા કેન્દ્રની આર્થિક સહયોગની યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે મયુરભાઈ રાઠોડ, ફિલ્ડ ઑફિસરે ફાર્મ અને નોન ફાર્મ યોજનાઓની માહિતી આપી હતી, મહેન્દ્રભાઈ ભાભોરે માનવ કલ્યાણ યોજનાઓનો લાભ લેવા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમનો હેતુ સ્પર્ધાત્મક સમયમાં વિદ્યાર્થીઓ સ્વનિર્ભર બને એ માટે માર્ગદર્શન આપી કેળવવાનો હતો.

આજના વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ ઉજવણી પ્રસંગે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના પી.એચ.બારિયા , નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો.ડી.બી. મુનિયા તેમજ ડો.ભરત માછી, ડો.વરૂણ ડામોર, ડો.કમલેશ ગાયકવાડ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ડો.જીતેન્દ્ર જે. વણઝારા અને આભારવિધિ ડો.ઉત્તમ કે. જાદવે કરી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

# છોટાઉદેપુર DPEOએ બહાદરપુર શાળાની મુલાકાત લીધી : વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કર્યું

સંખેડા,

છોટાઉદેપુર જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) જે.કે. પરમારે આજે સંખેડા તાલુકાની બહાદરપુર કુમાર અને કન્યા પ્રાથમિક શાળાઓની અચાનક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.મુલાકાત દરમિયાન DPEO પરમારે બંને શાળાઓના વર્ગખંડો, વિદ્યાર્થીઓની હાજરી, શૈક્ષણિક કાર્ય, મધ્યાહન ભોજન યોજના, સ્વચ્છતા અને પીવાના પાણી સહિતની ભૌતિક સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી તેમના વાંચન, લેખન અને ગણન કૌશલ્યની ચકાસણી કરી હતી. બાળકોને અભ્યાસમાં વધુ રસ પડે અને શાળામાં નિયમિત હાજરી રહે તે માટે શિક્ષકોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ પણ આપી હતી.આ ઉપરાંત, DPEO પરમારે ગુણવત્તાયુક્ત શિક્ષણ, શાળા વ્યવસ્થાપન અને સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે પણ સમીક્ષા હાથ ધરી હતી. આ મુલાકાત પ્રસંગે બંને શાળાના આચાર્ય, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.02

# ગોધરા તાલુકામાં મનરેગાના કરોડોના બિલ અટવાતા મનરેગા પોર્ટલ ફરી ખોલવા માંગ

## ૧૦૩ સરપંચો અને ૩૩ તાલુકા સભ્યોની સાંસદ સમક્ષ રજૂઆત.



ગોધરા,

ગોધરા તાલુકામાં મનરેગા યોજના હેઠળ હાથ ધરાયેલા વિવિધ વિકાસકાર્યોના કરોડો રૂપિયાના બિલ અને મટીરીયલ ગ્રાન્ટની ફાળવણી અટવાઈ જતા ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ કફોડી બની છે. સમગ્ર મામલે ગોધરા તાલુકાના ૧૦૩ ગ્રામ પંચાયતોના સરપંચો અને ૩૩ તાલુકા પંચાયત સભ્યોએ એકત્ર થઈ લોકસભા સાંસદ રાજપાલસિંહ જાદવ સમક્ષ રજૂઆત કરી હતી.

માર્ચ ૨૦૨૪થી પોર્ટલ બંધ થતાં બિલની એન્ટ્રી અટકી સરપંચોના જણાવ્યા મુજબ, માર્ચ ૨૦૨૪થી મનરેગા હેઠળના બિલની એન્ટ્રી માટેનું પોર્ટલ બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે ગોધરા તાલુકાની ગ્રામ પંચાયતો દ્વારા હાથ ધરવામાં આવેલા કરોડો રૂપિયાના કામોની બિલ એન્ટ્રી થઈ શકી નથી. અગાઉ આશરે દોઢ વર્ષ પહેલાં કેટલીક બિલ એન્ટ્રી કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ પોર્ટલ બંધ થતાં નવા કામોના બિલની એન્ટ્રી અટકી ગઈ છે.

સપ્ટેમ્બર પહેલાં પોર્ટલ નહીં ખૂલે તો મુશ્કેલી વધશે રજૂઆતમાં જણાવાયું હતું કે, જો સપ્ટેમ્બર માસ પહેલાં મનરેગા પોર્ટલ ફરીથી ખોલવામાં નહીં આવે તો બાકી રહેલા કરોડો રૂપિયાના કામોના બિલની એન્ટ્રી કરવી મુશ્કેલ બની શકે છે. આ સ્થિતિમાં ગ્રામ પંચાયતો પર આર્થિક ભાર વધવાની સાથે વિકાસકાર્યોને પણ અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

બાકી બિલોની એન્ટ્રી અને મટીરીયલ ગ્રાન્ટની માંગ સરપંચો અને તાલુકા પંચાયત સભ્યોએ મનરેગા પોર્ટલ તાત્કાલિક ફરીથી ખોલવાની માંગ કરી છે. સાથે જ તમામ ગ્રામ પંચાયતોના બાકી બિલની એન્ટ્રી કરવાની મંજૂરી આપવા તેમજ અગાઉ થયેલી એન્ટ્રીઓ સામે ગોધરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતોને સંપૂર્ણ મટીરીયલ ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર અને દિલ્હી સુધી પ્રશ્ન પહોંચાડવા સાંસદને અપીલ સ્થાનિક પ્રતિનિધિઓએ આ સમગ્ર પ્રશ્નને ગાંધીનગર તેમજ દિલ્હી સ્થિત સંબંધિત મંત્રાલયો સુધી પહોંચાડી તેનો કાયમી ઉકેલ લાવવા સાંસદ રાજપાલસિંહ જાદવને અપીલ કરી હતી. મનરેગા યોજના હેઠળ થયેલા કામોના નાણાં સમયસર ન મળતા પંચાયતોની કામગીરી પર પડી રહેલી અસર અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી.

અન્ય વિસ્તારો માંથી પણ આવી રજૂઆતો મળ્યાનો સાંસદનો દાવો રજૂઆત સાભળ્યા બાદ સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું હતું કે અન્ય જીલ્લાઓ અને તાલુકાઓમાંથી પણ મનરેગા પોર્ટલ અને બાકી બિલને લઈને આવી રજૂઆતો મળી રહી છે. તેમણે આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ યોગ્ય રજૂઆત કરી પ્રશ્નનું ઝડપી અને સકારાત્મક નિરાકરણ લાવવા માટે શક્ય તમામ પ્રયાસો કરવાની ખાતરી આપી હતી.

# પંચમહાલ જીલ્લામાં GBSના ૩ શંકાસ્પદ કેસ નોંધાયા

## ગોધરા, મોરવા હડફમાં સર્વેલન્સ, ૪૦૦થી વધુ બાળકોની તપાસ.



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ગિલન-બારી સિન્ડ્રોમ (GBS)ના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ત્રણ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સક્રિય બન્યું છે. મહીસાગર બાદ હવે પંચમહાલમાં પણ આવા કેસ સામે આવ્યા છે.

આ કેસ ગોધરા તાલુકાના ગદુકપુર અને મેરપ ગામમાં એક-એક, જ્યારે મોરવા હડફ તાલુકાના ચોપડા ફળિયામાં એક નોંધાયો છે.

ત્રણ શંકાસ્પદ કેસ સામે આવતા જ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ૮ થી ૧૦ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો દ્વારા આશરે ૬૦૦ ઘરોમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે અને ૪૦૦થી વધુ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે.

રોગચાળો વધુ ન ફેલાય તે સુનિશ્ચિત કરવા માટે અસરગ્રસ્ત ગામોમાં દવાનો છંટકાવ અને ફોગિંગ જેવી કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

શંકાસ્પદ GBS કેસોના દર્દીઓ :

૧. માનવી અમિતભાઈ પગી (ઉંમર ૧.૫ વર્ષ), ગદુકપુર, ગોધરા તાલુકો.

૨. કેયાંશ રાકેશભાઈ ડાયરા (ઉંમર ૩.૫ વર્ષ), મેરપ, ગોધરા તાલુકો.

૩. પ્રિયાંશી ભરતભાઈ બારીયા (ઉંમર ૮ વર્ષ), ચોપડા ફળિયા, મોરવા હડફ તાલુકો.

ગદુકપુર ગામની ૧.૫ વર્ષીય માનવી અમિતભાઈ પગીની તબિયત ૧૯ ઓગસ્ટે લથડતા તેમને પ્રથમ ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની જીજીૠ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં ૬ દિવસ સુધી સારવાર ચાલી. સ્થિતિમાં સુધારો ન થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.હાલ બાળકીની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે અને તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. દર્દીની માતા તેજલબેનના જણાવ્યા મુજબ, માનવીની સ્થિતિ સારી છે.

# ગોધરામાં બોગસ જન્મ સર્ટિ.અને પાલિકાના બનાવટી સિક્કા મામલામાં એક આરોપીના જામીન ફગાવતી કોર્ટ

ગોધરા,

ગોધરામાં કાયદાકિય કાર્યવાહીમાં ખોટો લાભ લેવા તથા સરકારની વિવિધ યોજનાઓમાંથી આર્થિક લાભ મેળવવાના ઈરાદાથી બોગસ જન્મના દાખલા, સ્કુલ બોનોફાઈડ સર્ટિ. તેમજ પાલિકાના અધિકારીના બનાવટી સિક્કા અને સહીઓ બનાવનાર મુસ્તાક મુસા પોલાની રેગ્યુલર જામીન અરજી પંચમહાલ જિલ્લા મુખ્ય સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

ગોધરાના જહુરપુરા મદ્રેસાવાળી ગલીમાં રહેતા મુસ્તાક મુસા પોલા તથા તેના સહ આરોપીએ ભેગા મળી ૨૬ જાન્યુ-૨૦૨૬ પહેલાના સમયગાળા દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરી હતી. આરોપીઓએ પોતાની સામે ચાલતી કાયદાકિય કાર્યવાહીમાં ખોટી રીતે ફાયદો મેળવવા અને સરકારી યોજનાઓનો આર્થિક લાભ ખોટવા માટે જન્મના અને સ્કુલ બોનોફાઈડ સર્ટિ.બનાવટી તૈયાર કર્યા હતા. આરોપીઓએ ગોધરા પાલિકાના અધિકારીના નામના બનાવટી સિક્કા બનાવીને દાખલાઓ પર ઉપયોગ કરી બનાવટી સહીઓ પણ કરી હતી. આ ઉપરાંત સ્કુલ બોનોફાઈડ સર્ટિ.માં જન્મ તારીખ સાથે છેડછાડ કરી ખોટી જન્મ તારીખ દર્શાવી હતી. આ તમામ દાખલાઓ ખોટા હોવાનુ જાણવા છતાં તેનો સરકારી પ્રક્રિયામાં ઉપયોગ કરી ગુનો આચર્યો હતો. જેની ગોધરા બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. અને આરોપીઓને જયુડિશિયલ કસ્ટડી હેઠળ જેલ ભેગા કરવામાં આવ્યા હતા. મુસ્તાક પોલા દ્વારા પંચમહાલના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરાઈ હતી. અરજીની સુનાવણી દરમિયાન તપાસ કરનાર અમલદાર દ્વારા કોર્ટમાં વિગતવાર સોગંદનામું રજુ કરવામાં આવ્યુ હતુ. કેસમાં જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરે રજુ કરેલી ધારદાર અને દસ્તાવેજી પુરાવા આધારિત વિગતવાર દલીલોને ધ્રયાને રાખીને સેશન્સ કોર્ટે આરોપી મુસ્તાક મુસા પોલાની જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કર્યો હતો.

# ગોધરામાં ગણેશ મહોત્સવ માટે તૈયારીઓની જિલ્લા કલેકટરે સમીક્ષા બેઠક કરી

ગોધરા,

આગામી ગણેશ મહોત્સવ-૨૦૨૬ની શાંતિપુર્ણ અને સુચારૂ ઉજવણી માટે પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંબંધિત વહીવટી અધિકારીઓ તેમજ ગણેશ મહોત્સવના વિવિધ આયોજકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન કલેકટરે ગણેશજીની મુર્તિની મહત્તમ ઉંચાઈ, નિયત ડેસિબલ મુજબ જ મ્યુઝિક સિસ્ટમનો ઉપયોગ, વિસર્જન માટે ક્રેનની વ્યવસ્થા, અને વિસર્જન રૂટ સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ ઉપરાંત વિસર્જનના સમય પાલન અને વહીવટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલા વિવિધ જાહેરનામાંના ચુસ્ત અમલીકરણ અંગે આયોજકોને જરૂરી આદેશો અને સુચનાઓ આપી હતી.

# શહેરા તાલુકાના નિવૃત્ત શિક્ષક લોન અપાવવાના બહાને ઠગાઈ કરનાર સાયબર ફ્રોડના મુખ્ય કોલરને ઝડપ્યો

શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિવૃત્ત શિક્ષક સાથે થયેલી લાખો રૂપિયાની લોન ફ્રોડની ઘટનામાં શહેરા પોલીસને મોટી સફળતા મળી છે.

શહેરા તાલુકાના ગુણેલી ગામના નિવૃત્ત શિક્ષક ચંદ્રસિંહ જાદવને રૂા.૧૦ લાખની લોનની જરૂરિયાત હતી. આરોપીઓએ તેમને લોન આપવાનો વિશ્વાસ આપી ડોક્યુમેન્ટ મેળવ્યા હતા. ત્યારબાદ લોન ચાર્જ પેટે રૂા.૧,૧૭,૦૦૦/- તેલંગાણા રાજ્યના મધાપુર સ્થિત એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી. આ અંગે શહેરા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવ્યો હતો.શહેરા પોલીસે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાંથી મુખ્ય 'કોલર' વિપુલ પટેલ (સોરઠીયા)ની અટકાયત કરવામાં આવી છે. આરોપી પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ સીમકાર્ડ અને મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીએ આ જ પ્રકારે બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ એક નાગરિક સાથે રૂા.૨,૩૦,૦૦૦/- નો ફ્રોડ આચર્યો હતો. શહેરા પોલીસે આરોપીને સબ જેલ ગોધરા ખાતે મોકલી આપી બોટાદ પોલીસને ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવવા જાણ કરી છે.

આ કેસની તપાસમાં બહાર આવ્યું છે કે, ગ્રાહકોનું લિસ્ટ આપનાર રમેશભાઈ ત્રિવેદી હાલ ફરાર છે. આ ઉપરાંત તેલંગાણાના એક્સિસ બેંક એકાઉન્ટમાં Google India Digital Services Private Limited નામનું ખાતું ખોલાવવામાં USAના બે નાગરિકો (જેનિફર ક્રિસ્ટોપર કીર્ક અને વિલ્સન લુગ માવ ત્સાઈ) તથા ભારતીય નાગરિક સિંઘાર્થ હરિ લક્ષ્મીનારાયણ મુન્દ્રા સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા આ કેસમાં બેંક ટ્રાન્ઝેકશન્સની ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ગોધરા રેક પોઈન્ટ પુનઃ શરૂ થતાં ૧,૬૪૦ મે.ટન ખાતર સપ્લાય

લીમખેડા,

ચોમાસાની ખેતીની સીઝનમાં દાહોદ જિલ્લાના ખેડુતોને ખાતર માટે અગવડતા ન પડે અને સમયસર જથ્થો મળી રહે તે માટે દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોરે દિલ્હી અને ગાંધીનગર કક્ષાએ રજુઆતો કરી છે. સાંસદ આઈએફએફસીઓ ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી તથા રાજયના કૃષિ અને ખેડુત કલ્યાણ મંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ દાહોદ રેલ્વે સ્ટેશન પર જ નવો ખાતર રેક પોઈન્ટ મંજુર કરવાની માંગ કરી હતી.

રજુઆતમાં સાંસદે જણાવ્યુ હતુ કે, દાહોદ જિલ્લાની મોટાભાગની વસ્તી ખેતી પર નિર્ભર છે. હાલમાં ખેડુતોને ગોધરા રેલ્વે સ્ટેશન પરથી ખાતરનો જથ્થો પુરો પાડે છે. જેના કારણે પરીવહનમાં સમય વધુ લાગે છે અને છેવાડાના ખેડુતો સુધી જથ્થો પહોંચવામાં વિલંબ થાય છે. જો દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે જ નવો રેક પોઈન્ટ મંજુર કરે તો ખાતર સીધુ દાહોદ પહોંચશે. આનાથી સમય અને પરીવહન ખર્ચ બંને ઘટશે. તદ્ઉપરાંત સાંસદે આયાતી યુરિયા ખાતરની સપ્લાય પોઈન્ટ પણ દાહોદ ખાતે મંજુર કરવા રજુઆત કરી છે. કારણ કે, જુલાઈના અંત સુધીમાં કંપનીઓ પાસેથી અંદાજે ૬,૦૦૦ મે.ટન ખાતરનો જથ્થો મેળવવાની બાકી રહે છે. સાંસદ જશવંતસિંહ ભાભોરની રજુઆતના પગલે દાહોદ જિલ્લા માટે બંધ કરી દેવાયેલુ ગોધરા રેક પોઈન્ટ પુનઃ શરૂ કરી દેવાયુ છે. જિલ્લા ખેતીવાડી અધિકારી પી.એમ.પટેલના જણાવ્યા મુજબ ઈફકો, કૃભકો અને જીએનએફસી દ્વારા બે જ દિવસમાં કુલ ૧૬૪૦ મે.ટન યુરિયા ખાતરનો જથ્થો જિલ્લામાં સપ્લાય કરવામાં આવ્યો છે. બાકી રહેતો ૬,૦૦૦ મે.ટન ખાતરનો જથ્થો પણ ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે તંત્ર દ્વારા સતત પ્રયાસો ચાલુ છે. ગોધરાથી સપ્લાય શરૂ થતાં અને દાહોદ ખાતે કાયમી રેક પોઈન્ટ માટે કામગીરી આગળ વધારવામાં આવી છે.

# શહેરા ફોટા વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગનાર ત્રણ આરોપીઓના રેગ્યુલર જામીન નામંજુર કરતી જીલ્લા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ

શહેરા,

શહેરામાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગનાર અને મારામારી કરવાના ગુનામાં ૩ આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આરોપીઓએ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા આરોપીઓના જામીન અરજી નામંજુર કરવામાં આવ્યા.

શહેરામાં પોલીસ મથકે આરોપીઓ રમીઝ ઈલ્યાસ શેખ, રમઝાન અસલમ શેખ, સકીલ બશીરભાઈ શેખ, મોહસીન અસલમ શેખ નાઓએ ભેગા મળી ફરિયાદીના ભાઈ માજીદખાન અજીતખાન પઠાણને લાકડીઓ વડે જાહેરમાં મારમારી ફેકચર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને પ્રેમપ્રકરણના ફોટા વાયરલ કરવાની ધમકી આપી અગાઉ રૂા.૨૫,૦૦૦/- લીધેલ હતા. બીજા રૂપીયા ૨૫,૦૦૦/-ની માંગણી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી હતી. આ ગુનામાં આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આરોપીઓ રમીઝ ઈલ્યાસ શેખ, રમઝાન અસલમ શેખ, મોહસીનભાઈ અસલમ શેખએ રેગ્યુલર જામીન અરજી પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ એન.સી.રાવલની કોર્ટમાં દાખલ કરેલ હતી. આ કેશ પ્રિન્સીપાલ જજની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર એ વિગતવાર દલીલો કરતાં ત્રણ આરોપી અરજદારોની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

# પંચમહાલ કલેક્ટરે વાંગરવા ગામની મુલાકાત લઈ શાળાના દફતર તપાસ્યા : ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા



ઘોઘંબા,

પંચમહાલ જીલ્લા કલેક્ટર અજય દહિયાએ ઘોઘંબા તાલુકાના પ્રવાસ દરમિયાન વાંગરવા ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ગામમાં ચાલતી વિવિધ સરકારી કામગીરી અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું સ્થળ પર નિરીક્ષણ કરવાનો હતો.

પ્રવાસ દરમિયાન, કલેકટરે વાંગરવા ગામના તલાટીના સામાન્ય દફતરની વિગતવાર તપાસણી કરી હતી. તેમણે રેકોર્ડની યોગ્ય નિભાવણી અને વ્યવસ્થાપન અંગે તલાટીને જરૂરી માર્ગદર્શન પણ પૂરૂં પાડ્યું હતું.

દફતર તપાસણી બાદ, કલેક્ટરે વાંગરવા મુખ્ય પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે શૈક્ષણિક કાર્યની પ્રગતિ અને શાળામાં ઉપલબ્ધ સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

આ મુલાકાત દરમિયાન, ગ્રામજનો દ્વારા ગામના વિવિધ પ્રાથમિક પ્રશ્નો અંગે કલેક્ટર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. કલેક્ટરે આંગણવાડી, પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય, રસ્તા અને ખેતીવાડી સંબંધિત તમામ રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળી હતી.

કલેક્ટર અજય દહિયાએ સંબંધિત અધિકારીઓને આ તમામ પ્રશ્નોનો સકારાત્મક અને ઝડપી નિકાલ કરવા માટે તાત્કાલિક જરૂરી સૂચનાઓ આપી હતી, જેથી ગ્રામજનોની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય.

# ઘોઘંબાના ગજાપુરા ગામે ઘરમાં ઘુસી આવેલા દિપડાએ બકરાનુ મારણ કર્યુ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગજાપુરા ગામમાં મળસ્કે ઘરમાં પ્રવેશી દિપડાએ ચાર બકરાનુ મારણ કરી એક બકરાને લઈ જંગલ તરફ ભાગી છુટ્યો હતો. જે ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ગજાપુરા ગામમાં ત્રણ દિવસ અગાઉ પણ રાત્રે દિપડો ઘરમાં ઘુસી નાની બાળકીના ખાટલા નજીક પહોંચી ગયો હતો. સપ્તાહથી દિપડો ગામમાં રહેણાંક વિસ્તારમાં દેખા દેતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ ચોમાસુ હોવાથી ખેડુતો ખેતરમાં જતાં પણ દિપડાના દહેશતથી ફફડી રહ્યા છે. ગ્રામજનોમાં દિપડાને પાંઝરે પુરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. દિપડાએ બકરાને ઘરમાં ઘુસી નિશાન બનાવ્યા અંગેની જાણ થતાં જ સરપંચ સુરેશભાઈ સહિતે દોડી જઈ વન વિભાગને જાણ કરી હતી.રાજગઢ રેન્જ કચેરીમાં ફરજ બજાવતા વનકર્મી અનીલભાઈ બારીયા ગજાપુરા ગામમાં દોડી આવ્યા હતા. અને દિપડાના ફુટ માર્ક લઈ મૃત બકરાનુ વળતર માલિકને મળી રહે તે માટે તજવીજ શરૂ કરી છે. મળસ્કે દિપડાએ ઘરમાં પ્રવેશ કરી બકરા પર હુમલો કરતો નજરે જોતા મહિલા ભયથી ધ્રુજી ઉઠી હતી. તેમજ વહેલી તકે દિપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગ કરી હતી.

# મોરવા(હ)તાલુકામાં પત્નિ અને પુત્રને આપઘાત માટે મજબુર કરનાર આરોપીના જામીન નામંજુર

ગોધરા,

મોરવા(હ)તાલુકામાં પત્નિને સતત શારીરિક તથા માનસિક ત્રાસ આપી તેના પાંચ માસના અબોલ પુત્ર સાથે કુવામાં ઝંપલાવી આત્મહત્યા કરવા મજબુર કરવાના ગંભીર કેસમાં આરોપી પતિ રાકેશભાઈ કાંતિભાઈ નાનાભાઈ બારીયાની રેગ્યુલર જામીન અરજી પંચમહાલ જિલ્લાની મુખ્ય સેશન્સ કોર્ટે નામંજુર કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)ખાતે રહેતા આરોપી રાકેશભાઈ કાંતિભાઈ નાનાભાઈ બારીયા, તેની સાસુ તથા દિયર એક સાથે રહેતા હતા. આ આરોપીઓ મરણ જનાર સંગીતાબેનને તું અમોને ગમતી નથી, તારા પિતાના ઘરે જતી રહે, તેમ કહી અવાર નવાર શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. આ ઉપરાંત આરોપી રાકેશ બારીયા અન્ય છોકરી સાથે આડા સંબંધ રાખતો હોય અને તેને પત્નિ તરીકે ઘરમાં લાવવા માંગતો હોવાથી સંગીતાબેન પર અસહ્ય ત્રાસ ગુજારવામાં આવતો હતો. આરોપીના આ અસહ્ય ત્રાસથી કંટાળીને મરણ જનાર સંગીતાબેને તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ પોતાના પાંચ માસના માસુમ પુત્ર કિયાનને સાથે રાખી ઘરની બાજુમાં આવેલ પાણી ભરેલા કુવામાં ઝંપલાવ્યુ હતુ. કુવામાં ડુબી જવાથી માતા અને માસુમ પુત્ર બંનેના મોત નીપજયાં હતા. આ બનાવ અંગે આરોપીઓ સામે મોરવા(હ)પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આરોપીઓને જયુડિ.કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. કસ્ટડીમાં રહેલા આરોપી રાકેશભાઈ કાંતિભાઈ બારીયાએ જામીન મુકત થવા માટે રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જામીન અરજી પર સુનાવણી વખતે જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા ગુનાની ગંભીરતા અને કાનુની જોગવાઈઓને ટાંકીને દલીલો કરવામાં આવી હતી. દલીલો તથા કેસની ગંભીરતાને ધ્યાને રાખીને કોર્ટ દ્વારા આરોપી રાકેશભાઈ કાંતિભાઈ નાનાભાઈ બારીયાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી.

# સંખેડાના કુંડીયા ગામે હેરણ નદીના પુરમાં સ્મશાન ઘાટ ધરાશાઈ

નસવાડી,

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના કુંડીયા ગામેથી તંત્રની ઘોર બેદરકારી અને નબળા બાંધકામની પોલ ખોલતો કિસ્સો સામે આવ્યો છે. થોડા દિવસો પહેલા હેરણ નદીમાં આવેલા ભારે પુરમાં કુંડીયા ગામે લાખો રૂપિયાના સરકારી ધુમાડા કરીને નદી કિનારે બનાવવામાં આવેલો સ્મશાન ઘાટ પત્તાના મહેલની જેમ ધરાશાઈ થયો છે. નદીના ગાંડાતુર બનેલા પ્રવાહ સામે સ્મશાનની ચારેય તરફની પ્રોટેકશન દિવલો કાગળની જેમ તુટીને જમીનદોસ્ત થઈ ગઈ છે. હાલ ત્યાં માત્ર એક લાચાર લોખંડનો શેડ ઉભો છે. જીવતે જીવ તો ઠીક, હવે મર્યા પછી પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

કુંડીયા અને આસપાસના વિસ્તારના શ્રમજીવી લોકો માટે આ એકમાત્ર સ્મશાન ઘાટ હતો. પુરના રાક્ષસી પ્રવાહે સમગ્ર ઘાટને સ્મશાનમાં ફેરવી નાંખ્યો છે. રક્ષણાત્મક દિવાલો તુટવાથી અને આખોય વિસ્તાર પથ્થરો તેમજ કાટમાળથી ભરાઈ જતાં હવે અહિં અંતિમ સંસ્કાર કરવા તદ્દન અશકય બન્યા છે. સ્મશાન સુધી પહોંચવાનો રસ્તો પણ બિસ્માર અને પથ્થરવાળો થઈ ગયો છે.ચોમાસાની ઋતુમાં ગામમાં કોઈ કમનસીબ મૃત્યુ પામે તો મૃતદેહને કયાં સળગાવવો તે મોટો પ્રશ્ન છે. કુંભકર્ણની નિંદ્રામાં પરવેટા ગ્રામ પંચાયત અને જવાબદાર અધિકારીઓ આ કુદરતી આફત અને માનવ સર્જિત બેદરકારી ઘણા દિવસો વિતી જવા છતાંય પરવેટા ગ્રામ પંચાયતના સત્તાધિશો કે તાલુકાના વહીવટી અધિકારીઓના પેટનુ પાણી હાલતુ નથી. જનતાના ટેકસના લાખો રૂપિયા પાણીમાં વહી ગયા છતાં હજુ સુધી કોઈ અધિકારીઅ સ્થળ પર જઈને આ નુકસાનીનુ આંકલન કરવાની તસ્દી લીધી નથી. તંત્રની આ બહેરી અને મુંગા નિતી સામે સમગ્ર પંથકમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વહેલી તકે આ સ્મશાન ઘાટ રિપેર કરાવી દિવાલો બનાવી તૈયાર કરવામાં આવી તેવી માંગ ઉઠવા પામી છે.